



અર્પણ નાયક , કૃષ્ણ વાટિકા - અમલસાડ


આહિર ગ્રુપના રાજા, કછોલી આહિર વાસ, તા. ગણદેવી


ચિંતન પટેલ, નાંદરખા, ગણદેવી


જહાં પટેલ, ગ્રીડ, નવસારી


નિરાલી માનવ પરમાર, ટેક્સશિલા, તિથલ રોડ, વલસાડ


રાકેશ ટેલર, દરજી ગલી, ગણેશ યુવક મંડળ, ગણદેવી


સિરિન પટેલ, વડસાંગલ, ગણદેવી

# વલસાડ જિલ્લામાં 6 મહિનામાં તાવના 13,882 કેસ નોંધાયા

**સૌથી** વધુ 3373 કેસ કપરાડા તાલુકામાં નોંધાયા: પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોની સાથે વાઈરલ ઈન્ફેક્શનના દર્દીઓથી હોસ્પિટલો ઉભરાવા લાગી



વલસાડઃ રાજ્યના કચ્છ વિસ્તારમાં રહસ્યમય રોગને લઈ થઈ રહેલા મોતના પગલે આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું છે. વલસાડ જિલ્લામાં પણ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગ સહિત વાઈરલ ઈનફેક્સનના દર્દીઓની સંખ્યા વધી રહી છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પણ તકેદારી પગલાં અને આયોજન કરાઈ રહ્યું છે. સરકારી વિભાગો ભલે આંકડાઓનો ખેલ કરે, હકીકતમાં ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની ભરમાર જોવા મળી રહી છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ ચાલુ વર્ષે માર્ચથી ઓગસ્ટ સુધીમાં તાવના 13882, ફ્લૂના 5723, ટાઈફોઈડના 463 કેસ નોંધાયા છે. જ્યારે ડેન્ગ્યુના 25, મલેરિયાના 7, ચિકન ગુનિયાનો 1 કેસ નોંધાયો છે. વલસાડના અબ્રામા ખાતે ડેન્ગ્યુથી 1 યુવતીનું મોત નિપજ્યું હતું.

### આરોગ્ય વિભાગ સંકલન સહિતની કામગીરીએ લાગ્યો

આરોગ્ય વિભાગ દ્વારા તાલુકાઓમાં એન્ટી લાર્વલ એક્ટિવિટી, એન્ટી એડલ એક્ટિવિટી, પાણી ભરાવાના સ્થળે ગપ્પી માછલી, હાઇરિસ્ક તાલુકામાં એરિયાનું મેપિંગ કરી કામગીરી, શાળાઓમાં માર્ગદર્શન સહિત સરપંચો સાથે સંકલન સહિતની કામગીરી થઈ રહી છે.

**તાવ અને ફ્લૂના કેસ (માર્ચ 2024થી ઓગસ્ટ 2024 સુધી)**

| તાલુકા | ફ્લૂ | તાવ | ટાઇફોઇડ |
|---|---|---|---|
| ધરમપુર | 1103 | 2960 | 27 |
| કપરાડા | 739 | 3373 | 54 |
| પારડી | 276 | 1901 | 7 |
| ઉમરગામ | 403 | 613 | 80 |
| વલસાડ | 1880 | 2263 | 72 |
| વાપી | 1322 | 2772 | 223 |

**માત્ર ઓગસ્ટ મહિનાના તાવના કેસ**

| તાલુકો | કેસ |
|---|---|
| ધરમપુર | 659 |
| કપરાડા | 616 |
| પારડી | 449 |
| ઉમરગામ | 143 |
| વલસાડ | 620 |
| વાપી | 469 |

# વલસાડમાં નશાબાજ ચાલકે બાળકો ભરેલી સ્કૂલવાન ખાડામાં ઉતારી દેતાં રોષનો માહોલ

**સ્થાનિકો** અને પોલીસે બાળકોને હેમખેમ ઉગારી લેતાં મોટી દુર્ઘટના ટળી, ઘટનાની જાણ થતાં વાલીઓ હાંફળા ફાંફળા દોડી આવ્યાઃ નશામાં ચકચૂર વાનચાલકને પોલીસે પાંજરે પૂર્યો



વલસાડઃ વલસાડમાં સ્કૂલેથી નાના બાળકોને લઈને ઘરે પરત જતી એક સ્કૂલવાન ધરમપુર રોડ પર આરપીએફ સેન્ટર નજીક ખાડામાં ઉતરી ગઈ હતી. ઘટનામાં સદનસીબે કોઈપણ બાળકને ઈજા થઈ ન હતી. વાન ચાલક દારૂ પીધેલો હોવાનું જણાતા તેને પાંજરે પુરી વાન કબજે લીધી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ આજે વલસાડની આરએમવીએમ સ્કૂલના વિદ્યાર્થીઓને પરત લઈ અબ્રામા તરફ જતી એક સ્કૂલવાન (નં.GJ-15-CL-4306) આરપીએફ ટ્રેનિંગ સેન્ટર પાસે રોડ પરથી ઉતરી ખાડામાં આડી પડી હતી. આ અકસ્માત સર્જાતા સ્થાનિકો ત્યાં આવી પહોંચ્યા હતા અને તેઓએ સુરક્ષિત રીતે બાળકોને બહાર કાઢ્યા હતા. એ દરમિયાન ત્યાંથી પસાર થતી ટ્રાફિક પોલીસ પણ બાળકોની મદદે આવી પહોંચી હતી. જેમણે બાળકોને સુરક્ષિત કરી તેમના વાલીઓને જાણ કરવાની પ્રક્રિયા હાથ ધરાવી હતી.

દરમિયાન પોલીસને વાન ચાલક નિતીન નટવર પટેલ (ઉંવ.43, રહે. મોગરાવાડી, વલસાડ) ચીક્કાર પીધેલો હોવાનું જોવા મળ્યું હતું, પોલીસે નિતીન પટેલ વિરૂદ્ધ દારૂ પીને ડ્રાઈવિંગ કરવાનો કેસ કર્યો હતો અને તેને આરટીઓનો મેમો આપી તેની વાન પણ કબજે કરી લીધી હતી.

### આરટીઓ વાન ચાલક સામે ઝૂકી ગઇ અને તેઓ ફાટી ગયા

વલસાડમાં સ્કૂલના વિદ્યાર્થીઓને લઇ જતા અને લાવતા વાન ચાલકો હડતાલ પર ઉતરતા આરટીઓ અને પોલીસ તંત્ર વાલીઓની મજબૂરીની સામે ઝૂકી ગયું હતું. જેનો ગેરફાયદો વાન ચાલકો ઉઠાવતા જોવા મળી રહ્યા છે. તેઓ આજે પણ આડેધડ બાળકોને વાનમાં બેસાડી સ્કૂલ લઇ જઈ રહ્યા છે. નિતીન જેવા વાનચાલક દારૂ પીને વાન ચલાવી રહ્યા છે, ત્યારે સ્કૂલ સંચાલકોએ અને વાલીઓએ પણ તેમના વાનચાલકો ભાનમાં છે કે નહીં તેની ચકાસણી કરવી જરૂરી બની છે.

### ડાંગમાં ગણેશોત્સવ અને ઇદના તહેવારને અનુલક્ષીને ૧૭મી સુધી સભા સરઘસબંધી

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં ૭ થી ૧૭ સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવ તેમજ ૧૬ સપ્ટેમ્બરના રોજ ઇદ-એ-મિલાદના તહેવાર દરમિયાન, જાહેર શાંતિ અને સલામતી જાળવવા સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ હુકમ ફરજ પરના સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓ, કોઇ લગ્નનો વરઘોડો, સ્મશાન યાત્રા, મંદિર, મસ્જિદ અથવા દેવળમાં પ્રાર્થના કરવા જતા બોનોફાઇડ વ્યકતિઓ અને કલેક્ટર કચેરી દ્વારા ખાસ કિસ્સામાં જેમને પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહીં. આ જાહેરનામું ૧૭/૯/૨૦૨૪ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમા રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અનુસાર સજાને પાત્ર થશે.




# વૃક્ષોની મહત્ત્વતા, કપરાડામાં અગાઉ તાપમાન 30 ડિગ્રી રહેતું, હવે 45 ડિગ્રી સુધી પહોંચે છે

**મોટાપોંઢા** ખાતે વન મહોત્સવમાં ધારાસભ્યનો વનીકરણ તેમજ વરસાદી પાણીનો સંગ્રહ કરવા લોકોને આગ્રહ

વલસાડઃ સામાજિક વનીકરણ વિભાગ ધરમપુર રેન્જ દ્વારા કપરાડા તાલુકા કક્ષાનો વન મહોત્સવ મોટાપોંઢા હાઈસ્કૂલ ખાતે સોમવારે યોજાયો હતો.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ધારાસભ્ય જીતુ ચૌધરીએ જણાવ્યું કે, અગાઉ તાપમાન 30 ડિગ્રી રહેતું, જ્યારે આજે 45 ડિગ્રી સુધી પહોંચી ગયું છે. સાથે કૂવા-બોરના તળિયા પણ ઊંડા થયા છે, 500 ફૂટ નીચે સુધી પાણી નથી મળતું. જેથી જો હજુ પણ વૃક્ષોની મહત્વતા ન સમજીશું તો આગળની પરિસ્થિતિ ભયાનક હશે.

કપરાડામાં તલાટ વિસ્તાર કરતા ઉપરના વિસ્તારોમાં જ્યાં ભરચક જંગલ હતું, ત્યાં વૃક્ષો ઓછા છે, ત્યારે આપણે તમામ લોકોએ પણ હવે જાગૃત થવાની જરૂર છે. વરસાદી પાણીનો સંગ્રહ પણ જરૂરી છે, જેથી જમીનમાં પાણી ઉતરી શકે. સામાજિક વનીકરણ વિભાગના આરએફઓ ભૂમિકા પટેલ સહિત વન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ પોલીસના સાગર રક્ષક દળના યુવાનનો આપઘાત

**આપઘાતનું** કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પોલીસે તપાસ હાથ ધરી



વલસાડઃ વલસાડ શહેર પોલીસ સ્ટેશનમાં સાગર રક્ષક દળમાં ફરજ બજાવતા 27 વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો વડે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ વલસાડના નાના તાઈવાડ જૂના હરિજવાસમાં રહેતા અને વલસાડ શહેર પોલીસ સ્ટેશનમાં બે વર્ષથી સાગર રક્ષક દળના જવાન તરીકે ફરજ બજાવતા વિકાસ પુરણજી ચૌહાણ (ઉં.વ.27) ગતરોજ સાંજે પોતાના ઘરે રૂમમાં જમ્યા બાદ રાત્રિએ પરિવારના તમામ સભ્યો ઊંઘી ગયા હતા. બુધવારે સવારે વિકાસના ભાભી જ્યોતિબેન નીચે રસોડામાં જમવાનું બનાવવા જતા વિકાસને ફાંસો ખાધેલી હાલતમાં પંખા પર લટકતો જોતાં તેમણે બૂમાબૂમ કરી મૂકી હતી. ત્યાર બાદ વિકાસને કસ્તુરબા હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. વિકાસે કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી જાણવા મળ્યું નથી, પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.

## સુરતમાં નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા જવાનું કહી નીકળેલો વાપીનો યુવક ગુમ

વલસાડઃ વાપી જીઆઈડીસીમાં ચણોદ કોલોની ખાતે પ્લોટ નં.૮૦૪માં ગુરૂકૃપા કચ્છી ભાનુશાલી વાડીની બાજુમાં રહેતા કિરણ નગીન કો. પટેલનો ૨૭ વર્ષીય પુત્ર સપન (મૂળ રહે. ગામ કોપરલી, પટેલ ફળિયુ, તા.વાપી) તા.૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે પોતાના ઘરેથી સુરતમાં માનવી હોમ કંપનીમાં નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા તથા હોન્ડા બિગ વિંગ મોટર સાયકલના સર્વિસ સેન્ટરમાં જવાનું કહી પોતાની હોન્ડા હાઈનેક્સ ૩૫૦ મોટર સાયકલ નં.જીજે ૧૫ ડીપી ૫૬૭૦ લઈને નીકળ્યો હતો. જે પરત ન ફરતા પરિવારજનોએ તપાસ કરતાં જાણવા મળ્યું કે, સપન સુરત ખાતે ઈન્ટરવ્યુ આપવા ગયો જ ન હતો. સાથે ઘરેથી બે જોડી કપડાં પણ લઈ ગયો હતો. સપન ગુમ થતાં વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ખરીદેલો મોબાઈલ વારંવાર બગડતા યુવાનનું મગજ છટક્યું

**શોપ** ઉપર પથ્થર મારી કાચ તોડી નાંખ્યો, ડિપ્રેશનમાં આવી કૃત્ય આચર્યું

વલસાડઃ વલસાડના આવાંબાઈ હાઈસ્કુલની સામે આવેલી પૂજારા મોબાઈલ શોપમાં યુવાને પથ્થર મારીને દુકાનનો કાચ તોડી નાખ્યો હતો. જેને લઈને વલસાડ જિલ્લાની પોલીસ દોડતી થઈ ગઈ હતી. ગણતરીના કલાકમાં સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે યુવાનની ધરપકડ કરી હતી.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વલસાડના અબ્રામા એસટી વર્કશોપની સામે રહેતા પીન્કેશ પૃથ્વીરાજ જસવાની આવાંબાઈ સ્કૂલની સામે આવેલી પૂજારા મોબાઈલ દુકાનની શોપ ચલાવે છે. ગતરાત્રે એક યુવાને દુકાનની શોપનો કાચ પથ્થર મારીને તોડી નાંખી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ ઘટનાને લઈને વલસાડ જિલ્લાની પોલીસ દોડતી થઈ ગઈ હતી. સીસીટીવી ફૂટેજના આધારે પથ્થર મારનાર યુવાન વલસાડના વશીયર પ્રમુખ પાર્કમાં રહેતો ધવલ અમરત ટંડેલ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે યુવાની ધરપકડ કરી પોલીસ સ્ટેશનને લાવીને પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, છ માસ પહેલા પૂજારા મોબાઈલમાંથી મોબાઈલ લીધો હતો. જે મોબાઈલ વારંવાર બગડી જતા શોપના સંચાલકને ફરિયાદ કરી હતી. પણ ફરિયાદનો કોઈ સંતોષકારક જવાબ ન આપતા ધવલ કંટાળી ગયો હતો અને દુકાન ઉપર પથ્થર મારો કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ધવલ ડિપ્રેશનમાં હોય તેણે આ કૃત્ય આચર્યું હતું. પોલીસે એની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મરોલીના રણછોડરાય વેદ વિદ્યાલય ખાતે ઋગ્વેદ જટા પારાયણનું આયોજન

સુરતઃ મરોલી રણછોડરાય મંદિર ખાતે આવેલા વેદ વિદ્યાલય ખાતે દક્ષિણ ગુજરાતમાં પ્રથમવાર ઋગ્વેદ જટા પારાયણનું આયોજન 13-9-2024થી 29-9-2024 સુધી સમય સવારે 8.30 થી 12.00 તથા બપોરે 2.30 થી 5.00 કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. મરોલી રણછોડરાય મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી ખુમાનસિંહ વાંસિયા દ્વારા માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્ર જનકલ્યાણની ભાવના સાથે વેદ સરંક્ષણ અને સંવર્ધનના ઊદાત્ત હેતુથી દક્ષિણ ગુજરાતમાં સૌ પ્રથમવાર ઋગ્વેદ જટા પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. વેદ તરીકે ઋગ્વેદ સ્થાન ધરાવે છે. તેમાં 64 અધ્યાય તેમજ 10552 મંત્રો રહેલા છે. પારાયણકર્તા તરીકે વેદ મુર્તિ શ્રી સ્વાનંદજી ધાય ગુડે (પુના-મહારાષ્ટ્ર) તેમજ સ્થાનિક વેદમુર્તિ કરણભાઈ રાવલ દ્વારા કરવામાં આવશે તેમજ સહાયક ધનપાઠી વિદ્વાનો દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવશે. પારાયણનું સ્થળ રણછોડરાય મંદિર મરોલી રહેશે. વર્તમાન સમયમાં આવા અલભ્ય વેદ પારાયણનો લાભ લેવા દક્ષિણ ગુજરાતના ભક્તજનોને લાભ લેવા વિનંતી છે.

### વાપીની કેબીએસ કોલેજ દ્વારા બેદિવસીય લીડરશીપ કેમ્પ યોજાયો



વાપીઃ વાપીના ચણોદ સ્થિત કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજ, ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઈઝ અને એમ.આર. પાઈ ફાઉન્ડેશન, મુંબઈના સહયોગથી બે દિવસીય લીડરશીપ કેમ્પનું આયોજન કરાયું હતું. શિબિરમાં 82 વિદ્યાર્થીની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી જેઓ વિવિધ નેતૃત્વ તકનીકો, લક્ષ્ય નિર્ધારણ, ટીમ વર્ક અને સમય વ્યવસ્થાપન શીખવામાં રોકાયેલા હતા. આ સત્રનું નેતૃત્વ માર્ગદર્શક રાજીવ લવ અને વિવેક પટકીએ કર્યું હતું. શિબિરનું સંકલન ડો. યતિન પી. વ્યાસ, ડો. ક્રિષ્ના આર. રાજપૂત અને ડો. દિપક એમ. સાંકીએ કર્યું હતું. કોલેજના પ્રિ. ડો. પૂનમ ચૌહાણે વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી અને આયોજક ટીમના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

### ડાંગ જિલ્લાના યોગ કો-ઓર્ડિનેટર તરીકે પ્રિયંકાબેન ભોયેની નિમણૂંક કરાઇ



સાપુતારાઃ ડાંગ જિલ્લાના મૂળ ગાઠવી ગામના વતની પ્રિયંકાબેન બી. ભોયેની ડાંગ જિલ્લાના યોગ કો-ઓર્ડીનેટર તરીકે નિયુક્તિ કરવામા આવી છે. પ્રિયંકા ભોયે આ અગાઉ ગણિત વિષયના શિક્ષિકા તરીકે ડાંગ તેમજ દાદરા નગર હવેલીની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા રખોલી ફરજ બજાવી ચૂક્યા છે. જિલ્લા કો-ઓર્ડીનેટર તરીકે નિમણુંક થતા ગ્રામજનોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

### નવસારી જલાલપોર ખાતે રામદેવજી મંદિરે 46મા પાટોત્સવની ભવ્ય ઉજવણી થશે

નવસારીઃ 13મી સપ્ટેમ્બરે શુક્રવારના રોજ નવસારીના જલાલપોર ગૌરીશંકર મહોલ્લા ખાતે આવેલા રામદેવજી મહારાજના મંદિરે 46મો ભવ્ય પાટોત્સવ ઉજવવામાં આવશે. પાટોત્સવ દરમિયાન મહાપ્રસાદ પહેલા બપોરના બે કલાકે રામદેવજી મહારાજની નગર શોભાયાત્રા કાઢવામાં આવે છે. આ શોભાયાત્રા જલાલપોર વિસ્તારના મુખ્ય માર્ગો ઉપર પ્રાચીન પદ્ધતિ મુજબ ઢોલ નગારાના તાલ પર ભજનોની રમઝટ સાથે રંગેચંગે નીકળે છે. આ શોભાયાત્રા બાદ મહાપ્રસાદનુ વિતરણ કરવામાં આવે છે. જેમાં આશરે 25 થી 30 હજાર ભાવિક ભક્તો આ મહાપ્રસાદનો લાભ લે છે. આ મહાઉત્સવને પહોંચી વળવા છેલ્લા 20 દિવસથી નિઃસ્વાર્થ ભાવે સંસ્થાના ટ્રસ્ટીઓ રમેશભાઈ લાખાભાઈ રૂદાણી, રમેશભાઈ પી રૂડાણી, રમેશભાઈ કાનાણી, પરસોત્તમભાઈ અકબરી વિગેરે સાથે રામદેવજીના ભક્ત ગણો વિશાળ સંખ્યામાં રાત દિવસ સેવા આપી રહ્યા છે.

### ડાંગમાં સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સ્કિનિંગ કાર્યક્રમ યોજાયો



સાપુતારાઃ ડાંગ જિલ્લાના વઘઇ તાલુકામા સમાવિષ્ટ સરકારી માધ્યમિક શાળા, કાલીબેલ તેમજ આહવાની એકલવ્ય શાળા ખાતે, જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા શાળામા અભ્યાસ કરતા બાળકોનુ સ્ક્રીનિંગ કરવામા આવ્યું હતું. દરમિયાન કાલીબેલ ખાતે ૭૮ બાળકોના DTT ટેસ્ટ કરવામા આવ્યા હતા. જેમાંથી ૬ પોઝિટિવ આવતા HPLC માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેવી જ રીતે આહવા ખાતે પણ બાળકોના સેમ્પલ લેવામા આવ્યા હતા.આ વેળા આરોગ્ય વિભાગ દ્વારા ઉક્ત શાળાઓમા સિકલસેલ રોગ અટકાયત અંગેની વિસ્તૃત સમજણ પણ આપવામા આવી હતી.

### આહવા આકાશવાણી ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



સાપુતારાઃ 'એક પેડ, મા કે નામ' અભિયાનના ભાગરૂપે ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલા આકાશવાણી કેન્દ્રના પરિસર ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. આહવા આકાશવાણીના સ્થાનિય પ્રશાસનિક પ્રમુખ અને કાર્યક્રમ પ્રમુખ પારસ કટારીયાના માર્ગદર્શન હેઠળ, તેમજ ડાંગ વન વિભાગના સહયોગથી આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આહવા આકાશવાણી કેન્દ્રના એન્જિનિયરિંગ હેડ એન.ડી. ખેરનાર, પ્રસારણ અધિકારી રવિકર ડામોર, સહીત આકાશવાણીના કર્મચારીઓએ આકાશવાણી પરિસરમાં વૃક્ષો રોપાણ કરી 'એક પેડ, મા કે નામ' કાર્યક્રમને સાર્થક બનાવ્યો હતો.

### આહવા સિવિલ હોસ્પિટલ ખાતે સ્યુસાઇડ પ્રિવેન્શન સંબંધી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં આહવા સિવિલ હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે સ્યુસાઇડ પ્રિવેન્શન સબંધી જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માનસિક વિભાગની ટીમ કિલનીકલ સાયકોલોજીસ્ટ મનિષાબેન પંચાલ, સાયકોલોજીસ્ટ ભાવિકાબેન પટેલ, સોશિયલ વર્કર આશિષભાઇ અને ઝાહીદભાઈ રાજ (યંગ પ્રોફેશનલ) વગેરે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ માટે માહલા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી શ્યામભાઈ માહલાએ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ સેમિનારનું આયોજન અને સંચાલન માવજીભાઈ બી.ભોયે એચ.આર.વિભાગનાઓએ કરી હતી..